# મોડયુલ – **5** અહેવાલ
# <u>‘વિદ્યાપ્રવેશ’ અને ‘બાલવાટિકા’ ને સમજવા</u>

શિક્ષક કોડ : **<u>10087791</u>** તારીખ : <u>01-12-2021</u>

શિક્ષકનું નામ : <u>મક્કમપરા વિજય રાકેશભાઇ</u> મો.નં.:- <u>8140480391</u>

શાળાનું નામ : <u>શ્રી ઐયર પ્રાથમિક શાળા</u> તા – <u>નખત્રાણા</u> જિ- <u>કચ્છ</u>

★ કોર્સની ઝાંખી :-

કોર્સનું માળખું, હેતુઓ અને કોર્સની રૂપરેખા અંગે સમજ મેળવી હતી.આ ઉપરાંત કોર્સના સમયગાળા અને પ્રમાણપત્ર મેળવવા અંગે સમજ મેળવી હતી.

★ પરિચય:-

‘વિદ્યાપ્રવેશ’ અને બાલવાટિકા’ના પરિચય અંગેની સમજ 07:41 મીનીટના વિડિયો દ્વારા મેળવી હતી. જેમા રાષ્ટ્રીય શિક્ષણ નીતિ- 2030 સુધીમાં ગુણવત્તાયુક્ત પ્રારંભિક બાળસંભાળ અને શિક્ષણની સાર્વત્રિક જોગવાઇની હિમાયત પર ભાર મુકાયો. NIPUN ભારત અંતર્ગત ત્રણ મહિનાના શાળા તત્પરતા કાર્યક્રમને ‘વિદ્યાપ્રવેશ’ નામ અપાયું છે. કાર્યક્રમની રચના અને અમલ અઠવાડિયામાં 5 દિવસ અને દરરોજ 4 કલાક કરવા અને શનિવારે પુનરાવર્તન કરાવા જણાવેલ હતું. ‘વિદ્યાપ્રવેશ’ અને ‘બાળવાટિકા’ ના ઉદેશ્યો વિશે સમજ મેળવી હતી અને તે અંગેના માળખાની સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૧ : જાતે કરો</u> ☯

ધોરણ- ૧ માં શાળા તત્પરતા અને બાળવાટિકા વિશે NEP ને લગતી ભલામણો અને મુખ્ય વિશેષતાઓ લખી હતી.

★ વિકાસના લક્ષ્યો:-

વિકાસાત્મક મુખ્ય ત્રણ લક્ષ્યો આ મુજબના હતા-

૧) બાળકો સારું સ્વાસ્થ્ય અને સુખાકારી જાળવે

૨) બાળકો અસરકારક પ્રત્યાયન કરનાર બને

3) બાળકો જાતે શીખે અને નજીકનાં પર્યાવરણ સાથે જોડાય

વિકાસાત્મક લક્ષ્ય – ૧ બીજા લક્ષ્યો સાથે પરસ્પર કેવી રીતે સંકળાયેલા છે તેની સમજ 07:37 મીનીટના વિડિયો દ્વારા ડો. રોમીલાબેન સોની દ્વારા અપાઇ હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૨ : તમારી સમજ ચકાસો</u> ☯

બાળકો સાથેના અનુભવના આધારે મુખ્ય ક્ષમતાને પેટા ઘટકોને આપેલ વિકલ્પમાંથી પસંદ કરી સમજ ચકાસવાની પ્રવૃત્તિ કરવામાં આવી હતી.

➻ <u>પુરક વાચન: ભાષાકિય ક્ષમતા પ્રોત્સાહિત કરવાની રીતો</u> :-

મૌખિક ભાષા, પ્રિંટ જાગૃતિ અને પુસ્તકો સાથે જોડાણ, ધ્વનિ જાગૃતિ અને સમજ સાથેનું વાંચન એમ 4 રીતો વિશે સમજ અપાઇ હતી.

★ વિકાસાત્મક લક્ષ્યો સંબંધિત શીખવાના અનુભવો:-

વિકાસાત્મક લક્ષ્ય- ૧ સંબંધિત શીખવાના અનુભવો અંતર્ગત સામાજિક સંબંધોને તેના કુટુંબના આધારે સમજાવવામાં આવ્યા હતા.

➻ <u>પાયાની ભાષા અને સાક્ષરતા માટે આનંદમય અનુભવોનું આયોજન</u>:-

પાયાની ભાષા અને સાક્ષરતા માટે આનંદમય અનુભવોના આયોજન અંગે 12:10 મીનીટના વિડિયોમાં ડૉ. રોમિલાબેન સોની દ્વારા લક્ષ્ય- ૨વિશેની પ્રવૃત્તિઓ અને રમતોનું આયોજન કેવી રીતે કરવું તેના વિશે સમજ અપાઇ હતી.

➻ <u>પાયાના સંખ્યાજ્ઞાન અને પર્યાવરણ સાથેના જોડાણ માટે આનંદમય અનુભવોનું આયોજન</u>:-

પાયાના સંખ્યાજ્ઞાન અને પર્યાવરણ સાથેના જોડાણ માટે આનંદમય અનુભવોનું આયોજન અંગે 07:14 મીનીટના વિડિયો દ્વારા પ્રવૃત્તિ અને રમતોનું આયોજન કઇ રીતે કરવું તે અંગે સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૩ : તમારા વિચારો જણાવો</u> ☯

વિકાસાત્મક લક્ષ્ય સંબંધિત પડકારજનક ક્ષણો વિશે અભિપ્રાય આપેલ લીંક પર જઈને આપ્યા હતા.

★ 'વિદ્યાપ્રવેશ' અને બાલવાટિકા કાર્યક્રમનું નિર્માણ:-

વિદ્યાપ્રવેશ અને બાલવાટિકા કાર્યક્રમ બનાવતી વખતે ધ્યાનમાં રાખવાની મહત્વની બાબતો વિશે 06:44 મીનીટના વિડિયો દ્વારા સમજ મેળવી હતી. જેમા હેતુ, લક્ષ્ય, માળખુ, સમયગાળો, શીખવાની તકો, સમયપત્રકનો અભ્યાસ,સાધનસામગ્રી જેવી બાબતોને ધ્યાનમાં રાખવા જણાવાયુ હતું.

☯ <u>પ્રવૃત્તિ- ૪ : તમારી સમજ ચકાસો</u> ☯

શબ્દ/ વાક્ય માટે યોગ્ય પ્રવૃત્તિ / રુચિવાળા વિસ્તારો આપવામાં આવેલ વિકલ્પમાથી પસંદ કર્યા હતા.

વર્ગખંડમાં પ્રિંટ સમૃદ્ધ અને સંખ્યાજ્ઞાન સમૃદ્ધ બનાવવા વાતાવરણનું નિર્માણ કરવા અંગે સમજ મેળવી.

☯ <u>પ્રવૃત્તિ- ૫ : તમારા વિચારો જણાવો</u> ☯

વર્ગખંડમાં પ્રિન્ટ સમૃદ્ધ વાતાવરણનું નિર્માણ કરવા અંગેના વિચારો આપેલ લીંક પર જઈ રજુ કર્યા હતા.

★ પ્રારંભિક શીખવાના અનુભવો નિર્માણ કરતી વખતે ધ્યાનમાં રાખવાની બાબતો:-

પ્રારંભિક શીખવાના અનુભવો નિર્માણ કરતી વખતે નમુનારૂપ અઠવાડિક સમય પત્રક બનાવવા અંગે પુરતી સમજ મેળવી હતી.

☯ <u>પ્રવૃત્તિ- ૬ : જાતે કરો</u> ☯

વિવિધ પ્રવૃત્તિઓનો ઉલ્લેખ કરીને દિવસ પ્રમાણે સાપ્તાહિક સમયપત્રક બનાવ્યું હતું.

★ બાળકોની પ્રગતિની દેખરેખ રાખવી:-

બાળકોની પ્રગતિની દેખરેખ રાખવા વિડિયો નિહાળીને સમજ મેળવી હતી.

## ☯ પૂરક પ્રવૃત્તિ : ચિંતન કરો ☯

સતત શીખવાનું મુલ્યાંકન કરવા અંગે કેસ સ્ટડી કરવામાં આવેલ.

★ સારાંશ :-

ચાર્ટ દ્વારા સમગ્ર મોડયુલનો ટૂંકમાં સાર આપવામાં આવેલ હતો. જેના આધારે ટૂંકમાં સમગ્ર મોડયુલ અંગે સમજ મેળવી હતી.

★ પોર્ટફોલિયો :-

શીખવામાં મુશ્કેલીઓ દર્શાવતાં બાળકો માટે વ્યક્તિગત શિક્ષા યોજના તૈયાર કરવા અંગે અસાઇન્મેંટ બનાવ્યુ હતું.

★ વધારાના સંસાધનો :-

બીજી વધારાની માહિતી માટે કોર્સમાં આપેલ વેબ સાઇટોની નોંધ કરી અને આપેલ લીંક જોઇ વધુ સમજ મેળવી હતી.

★ મુલ્યાંકન :- 20 પ્રશ્નોના ઉત્તર આપી ક્વીઝ પુર્ણ કરી હતી.

આમ, આ મોડયુલ દ્વારા ‘વિદ્યાપ્રવેશ’ અને ‘બાલવાટિકા’ ની સમજવા અંગે પુરતી  સમજ મેળવી હતી.